
# ડીસા નજીક હાઈવે પરથી એક લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

ડીસા, તા. ૫

ડીસા તાલુકામાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ બંદોબસ્ત દરમ્યાન આજે વહેલી સવારે આખોલ ગામના પાટીયા પાસે એક શકમંદ કારને પોલીસે રોકવા પ્રયત્ન કરતા ચાલકે કાર પૂરઝડપે હંકારતા ઝાડ સાથે અકસ્માત કરી કાર મૂકીને નાસી છુટ્યો હતો. કારની તલાશી લેતા પોલીસને રૂપિયા એક લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

મહાકાળી માતાના મંદિર નજીક આખોલ ગામના પાટીયા પાસે હાઈવે રોડ પર ડીસા તાલુકાના પીઆઈ આર.એમ. ભદોરીયા તેમની ટીમ સાથે વાહનોનું ચેકીંગ કરી રહ્યા હતા ત્યારે એક નવી નક્કોર લાલ રીબીન બાંધેલી નંબર વગરની મારૂતિ સ્વીફ્ટ કારને ઉભી રાખવા ઈશારો કર્યો હતો. પરંતુ પોલીસને જોઈને કારચાલકે કારની ગતિ બમણી કરી ભાગવાનો પ્રયાસ કરતા પોલીસે ફિલ્મી ઢબે કારનો પીછો કર્યો હતો. ઘટનાસ્થળથી લગભગ ૧૦ કિલોમીટરના અંતરે આ કાર ધડાકાભેર ઝાડ સાથે ટકરાઈ હતી. પોલીસ કાર સુધી પહોંચી ત્યાં સુધીમાં કારચાલક ત્યાંથી ફરાર થઈ ચૂક્યો હતો. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૮૯૪ બોટલ મળી આવી હતી. જેની અંદાજિત કિંમત રૂપિયા એક લાખની આસપાસની થાય છે.





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પોલીસે વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી દારૂની બોટલ અને આશરે રૂપિયા પાંચ લાખની સ્વીફ્ટ કાર સહિત તમામ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે નાસી છુટેલ ચાલકને ઝબ્બે કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ભિલોડા બાર એસોસિએશનના હોદ્દેદારોની નિમણુંક

ભિલોડા, તા.૫

ભિલોડા બાર એસોસિએશનના હોદ્દેદારોની નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા બાર એસોસિએશનના હોદ્દેદારોની વાર્ષિક સાધારણ સભા તા.૨૯/૩/૨૦૧૪ ને શનીવારના રોજ યોજાઈ હતી.

પ્રમુખ રણવીરસિંહ જે.ડાભી, ઉપપ્રમુખ વિરચંદભાઈ આર. સોલંકી, સેક્રેટરી રફીકભાઈ કે.મનસુરી, જો.સેક્રેટરી સંજયકુમાર જે.અસારીની સર્વાનુમતે નિમણુંક કરેલ છે.

## ભિલોડા જન સેવા સંઘ ઉપપ્રમુખની નિમણુંક



ભિલોડા, તા.૫

ભિલોડા જનસેવા સંઘની કારોબારીની મીટીંગ તાજેતરમાં યોજાઈ હતી. ભિલોડા જન સેવા સંઘ ઉપપ્રમુખ પદે કમલેશકુમાર મહેતાની નિમણુંક કરાતાં હર્ષની લાગણી પ્રસરી છે. ભિલોડા જન સેવા સંઘ કારોબારી સભ્યો, હોદ્દેદારો, સભ્યો અને ભિલોડા ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## વડાગામ પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ યોજાયો

વડાગામ, તા.૫

અરવલ્લી જિલ્લાના વડાગામ ખાતે પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય રાજુભાઈ પટેલે બાળકોને આર્શિવચન પાઠવ્યા હતા.

આ વિદાય સમારંભમાં બાળકોએ પ્રાર્થના, સ્વાગતગીત, નૃત્ય ગીત, એકપાત્રીય અભિનય અને વિદાય ગીત વગેરે રજૂ કર્યા હતા. વિદાય લઈ રહેલા બાળકોએ શાળાને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં શાળા પરિવાર અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ચૂંટણીઓ આવતા જ દારૂના ધંધામાં જાણે તેજી આવી જાય છે. પ્રાંતિજ ટોલનાકા પાસેથી અમદાવાદ તરફ જતી ટ્રક નં. એચ.આર. ૫૫ આર ૮૯૬૩ માંથી પોલીસે વિદેશી દારૂની ૭૨૦ પેટી જેની કિંમત આશરે રૂપિયા ૩૧ લાખથી વધુ થાય છે ઝડપી પાડી હતી. પોલીસે આ સંદર્ભે ત્રણ આરોપીઓ મોહમંદ રફી અબ્દુલ અમીન, મહંમદ લતીફ અમીન અને હીરાલાલ અમરાજી પરમારની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગુજરાતમાં બળાત્કારના કેસોમાં વધારો નોંધાયો

## ભારતમાં છેલ્લા પાંચ વર્ષના ગાળામાં રેપના ૧૧૧૦૯૯ કેસો નોંધાયા : દેશમાં દરરોજ ૨૦૧૨માં ૬૯ રેપ કેસો

અમદાવાદ,તા.૫

બળાત્કારના કેસોમાં દેશભરમાં તાજેતરના વર્ષોમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૨માં ગુજરાતમાં પણ બળાત્કારના કેસો ૪૭૩ નોંધાયા હતા. જ્યારે ભારતમાં ૨૦૧૨માં બળાત્કારના કેસ ૨૪૧૫૭ નોંધાયા હતા. ભારતમાં બળાત્કારના કેસો દરરોજ ૨૦૧૨માં ૬૯ જેટલા નોંધાયા હતા.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા તૈયાર કરવામાં આવેલા ક્રાઈમ ઈન ઈન્ડિયા રિપોર્ટ ૨૦૧૩માં દાવો કરવામાં આવ્યો છે કે ગુજરાતમાં બળાત્કારનો શિકાર દરેક ૧૦ બચી ગયેલી યુવતીઓમાં ત્રણની વય ૧૭ વર્ષથી ઓછી છે. કેટલાક કેસોમાં બળાત્કારનો શિકાર થયેલી યુવતી સગર્ભા બની હતી. જો કે ખૂબ ઓછા કેસોમાં સામાજિક બંધન છતાં બાળકને જન્મ આપવામાં આવ્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે બળાત્કારના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. કોર્ટના આદેશ છતાં તેમના બાળકોના નામ આપવામાં આવી સ્થિતિમાં મુશ્કેલી અનુભવ થઈ રહી છે. ૨૦૧૧માં બળાત્કારના કેસ ગુજરાતમાં ૪૩૯ નોંધાયા હતા. જ્યારે ૨૦૧૨માં ૪૭૩ કેસ નોંધાયા હતા. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષના ગાળામાં બળાત્કારના કેસો ૨૧૭૩ જેટલા નોંધાયા છે જ્યારે ભારતમાં છેલ્લા પાંચ વર્ષના ગાળામાં બળાત્કારના ૧૧૧૦૯૯ કેસો નોંધાયા છે. દિલ્હીમાં ચાલતી બસની અંદર પેરામેડીકલની વિદ્યાર્થીની ઉપર ગેંગરેપ બાદ દેશભરમાં હોબાળો મચી ગયો હતો. કાયદાઓને બદલવામાં આવ્યા હતા. ૨૦૧૩માં આ બનાવ બન્યા બાદ અમદાવાદ શહેરમાં કોર્ટમાં આત્મહત્યાના પ્રયાસના બે બનાવ બન્યા છે. ૨૩મી જાન્યુઆરીના દિવસે શહેરની ઘીકાંટા ખાતેની મેટ્રોપોલિટન કોર્ટમાં બળાત્કારનો શિકાર યુવતીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે હાઈકોર્ટ સંકુલમાં આવો જ એક પ્રયાસ કરવામાં આવ્યો હતો.




બનાસકાંઠા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જોઈતાભાઈ પટેલે કલેકટર કચેરી ખાતે કોંગ્રેસના કાર્યકરોની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. બનાસકાંઠા બેઠક પર કોંગ્રેસે ધાનેરાના વર્તમાન ધારાસભ્ય જોઈતાભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે ત્યારે જોઈતાભાઈ પટેલે કોંગ્રેસ કાર્યાલયથી કલેકટર કચેરી કાર્યકરોની સાથે પહોંચી ઉમેદવારી નોંધાવી હતી. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રની યુ.પી.એ. સરકારે પ્રજાલક્ષી કાર્યો કર્યા છે. કેન્દ્ર સરકારે છેવાડાના ગામડામાં રહેતા લોકોનો વિકાસ કર્યો છે અને તેમણે પોતે આ વિસ્તારમાં સહકારી ક્ષેત્રોમાં સક્રિય રહી લોકોના પ્રશ્નોને વાચા આપી છે ત્યારે અહીંની જનતા અવશ્ય મને જીતાડશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે. આ પ્રસંગે સિદ્ધાર્થ પટેલ, પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ, કાંતિભાઈ ખરાડી, જિલ્લા પ્રમુખ જાકીર ચૌહાણ, મુકેશ ચૌહાણ, નયના પઢિયાર સહિતના કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# ભારતની સહકારી પ્રવૃત્તિ વિશ્વમાં સૌથી મોટી પ્રવૃત્તિ છે : નરસંગભાઈ પટેલ


પાલનપુર, તા. ૫

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદની સહકારી શિક્ષણ તાલીમ અને પ્રચારની યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ-પાલનપુર ૬ દિવસના યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ લોકનિકેતન મહાવિદ્યાલય રતનપુર મુકામે યોજાયો હતો. વર્ગના સમાપન કાર્યક્રમ પ્રસંગે સંઘના માનદ મંત્રી નરસંગભાઈ વી. પટેલ (મેરવાડા)એ યુવકોને સહકારી પ્રવૃત્તિઓમાં જોડાવવા સુચનો કર્યા હતા. તેમને આ વર્ગ યુવકો માટે રોજગારલક્ષી અને જ્ઞાન સભર ગણાવ્યો હતો. સહકારી પ્રવૃત્તિની માહિતી આપતા જણાવે છે કે ભારતની સહકારી પ્રવૃત્તિ વિશ્વમાં સૌથી મોટી સહકારી પ્રવૃત્તિ છે ત્યારે યુવાનો સહકારી પ્રવૃત્તિમાં જોડાઈ વધુ સારા પરીણામો આપી શકે છે. સહકારી ધોરણે દૂધનો વ્યવસાય જિલ્લામાં ખુબ જ વિકાસ પામ્યો છે. દુધાળા પશુ રાખી રોજગારી માટે ઉત્તમ વ્યવસાય કરી શકાય તેમ છે. આ પ્રસંગે તેમને જણાવેલ લોકનિકેતન સંસ્થા જિલ્લામાં મોટો વ્યાપ અને વિસ્તાર ધરાવે છે. સ્વ. હરીસિંહ ચાવડાના કાર્યોને આગળ લઈને કામ કરી રહેલી ઉત્તમ શિક્ષણ આપતી સંસ્થા છે. આવા વર્ગો કોલેજને પણ ઉપયોગી બને છે. આપણા જીલ્લાની બનાસડેરી, બનાસબેંક એ સહકારી પ્રવૃત્તિનું એક જીવંત ઉદાહરણ બને છે. પાલનપુર તાલુકાના સહકારી આગેવાન ભગુભાઈ પટેલ જિલ્લાની આવતીકાલના સભાસદો હોવાથી તેઓ પણ પ્રવૃતિ વિશે જાણકાર બને તેમાં ભાગ લે અને તેમાંથી રોજગારી મેળવે તેવો વર્ગનો આશય વર્ગની સફળતા માટે વિદ્યાર્થીઓને પ્રોગ્રામ ઓફિસરને ધન્યવાદ આપ્યા હતા.



સહકારી પ્રવૃત્તિના વિકાસની વિગતે છણાવટ કરી હતી. જિલ્લા સંઘના એક્ઝીક્યુટીવ ઓફઈસર કે.જી. ચૌધરીએ રાજ્ય સહકારી સંઘ અને જિલ્લા સહકારી સંઘની સહકારી શિક્ષણ તાલીમ પ્રચારની માહિતી આપતા જણાવેલ કે સહકારી પ્રવૃત્તિના વિકાસમાં શિક્ષણ અને તાલીમ ખુબ જ મહત્વ છે. તે માટે જુદા જુદા પ્રકારની તાલીમના જાગૃતિ લાવવાનું કામ થાય છે. કોલેજના વિદ્યાર્થીઓ લોકનિકેતન કોલેજમાં આ વર્ગ ખુબ ઉપયોગી થશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વિજય સી. અધ્યાપક દલપતભાઈ પરમારે સંસ્થાની પ્રવૃત્તિઓની જાણકારી આપી અને સંઘ દ્વારા આયોજીત યુવક તાલીમ વર્ગને સફળ ગણ્યો હતો. તેમજ આવા વર્ગ યોજવા બદલ જિલ્લા સહકારી સંઘે આભાર માન્યો હતો. સમગ્ર સંચાલન સી.ઈ.આઈ. ડી.પી. ચૌધરીએ સંભાળ્યું હતું.

# બનાસકાંઠામાં ત્રિપાંખીયો જંગ 'આપ'ના ઉમેદવારે ફોર્મ ભર્યુ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૫

દિલ્હીમાં સફળતા મળ્યા બાદ આમ આદમી પાર્ટીએ લોકસભઆની ચૂંટણીમાં ઝંપલાવ્યુ છે અને દેશની ૩૦૦ બેઠકો પર પોતાના ઉમેદવારો ચૂંટણી લડશે. બનાસકાંઠા બેઠકના 'આપ'ના ઉમેદવાર ઉમેદવારી પત્ર ભર્યુ હતુ.

બનાસકાંઠા બેઠક પર ભાજપ, કોંગ્રેસની સામે 'આપ'ના ઉમેદવાર સંજય રાવલે પોતાની ઉમેદવારી નોંધાવી છે. તેમણે હજારો કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં પોતાનું ઉમેદવારી પત્ર કલેક્ટરને સુપ્રત કર્યું હતું.

ઉમેદવારી નોંધાવતા પહેલા સંજય રાવલે પાલનપુરના લક્ષ્મીટેકરી વિસ્તારમાં મોટી જનમેદનીને સંબોધી હતી. તેમણે જણાવ્યું હતું કે દેશમાં યુપીએ અને ભાજપ દ્વારા વ્યાપક ભ્રષ્ટાચાર આચર્યો છે ત્યારે દેશમાં ભ્રષ્ટાચાર રૂપી બદીને દૂર કરવા માટે આમ આદમી પાર્ટી જ એક વિકલ્પ છે.

વધુમાં જણાવ્યું હતું કે દેશની રાજનીતિમાં કચરો ભરાઈ ગયો છે. આ કચરો કાઢવા માટે આમ આદમી પાર્ટીના ઉમેદવારને વિજયી બનાવવા હાંકલ કરવામાં આવી હતી. તેમણે દેશમાં આમ આદમી પાર્ટીની સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## જગન્નાથજી મંદિર અમદાવાદ ખાતે રામ નવમી ઉજવશે

અમદાવાદ, તા.૫

આગામી તા. ૮ એપ્રિલના રોજ સમગ્ર દેશમાં રામનવમીનું પર્વ ધૂમધામથી મનાવવામાં આવશે. શહેરના જગન્નાથજી મંદિર ખાતે રામનવમી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

અમદાવાદ ખાતેના સુપ્રસિધ્ધ જગન્નાથજી મંદિર ખાતે રામનવમીનું પર્વ ધામધૂમપૂર્વક ઉજવાશે. ત્યારે મંદિર ખાતે તા. ૭ એપ્રિલના રોજ સવારે ૮-૦૦ કલાકે અખંડ રામાયણ પાઠનો શુભારંભ કરવામાં આવશે. આ પાઠની પૂર્ણાહૂતિ તા. ૮મીના રોજ સવારે ૯-૦૦ કલાકે થશે.

રામનવમી મહોત્સવમાં તા. ૮મીને મંગળવારે સવારે ૯-૦૦ કલાકે સુંદરકાંડ પાઠ યોજાશે. ત્યાર બાદ રામ જન્મોત્સવ અને મહાઆરતી કરવામાં આવશે. આરતીમાં શહેરના અગ્રણીઓ શેઠ ચિમનભાઈ અગ્રવાલ, શેઠ કાળુભાઈ ઝાલાવાડીયા, શેઠ ચંદુભાઈ પ્રજાપતિ, શેઠ અશોકભાઈ બજાજ સહિતના અગ્રણીઓ દ્વારા મહાઆરતી કરવમાં આવશે તેમ મહામંડલેશ્વર મહંતશ્રી દિલીપદાસજીએ જણાવ્યું છે.

# મહેસાણામાં રામનવમીના દિવસે શોભાયાત્રાને પગલે ડાયવર્ઝન અપાયું

મહેસાણા, તા.૫

મહેસાણા શહેરમાં ૮ એપ્રિલ ૨૦૧૪ના રોજ મહેસાણા તોરણવાળી માતાના ચોકમાંથી ૩૩મી રામનવમીની શોભાયાત્રા ૧૩.૩૦ કલાકે નીકળવાની છે. જે રેલવે સ્ટેશન, ફુવારા, રાજમહેલ રોડ, નવા કુંવારા, જુના કુંવારા, ગોપાનાળા, ડેરી રોડ થઈ રાધનપુર ચાર રસ્તા, શિલ્પા ગેરેજ, મોઢેરા ચાર રસ્તા, એસ.ટી. વર્કશોપ, બી.કે. સિનેમા ચોક, ભમ્મરીયા નાળા, રબારીવાસ, કસ્બા, ઉંચી શેરી, પટવા પોળ, આઝાદ ચોક થઈ તોરણવાળી માતાના ચોકમાં પૂર્ણ થનાર છે. જેમાં રામજી ભગવાનનો રથ, ઉંટલારી, મેટાડોર, બેન્ડ વાજા, ભજન મંડળીઓ વિગેરે જોડાય છે. ૨૫૦૦૦ જેટલા દર્શનાર્થીઓ જોડાય છે.

૭ એપ્રિલ ૨૦૧૪ના કલાક ૧૨-૦૦ થી ૨૧.૦૦ સુધી ભારે વાહનોનું ડાયવર્ઝન જાન-માલની સાચવણી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.જે. પટેલે જાહેરનામું બહાર પાડયું છે. જેમાં પાલાવાસણા ચાર રસ્તા થઈ શોભાસણ ફાટક, રામપુર ચોકડી, લાખડ, માનવ આશ્રમ ચાર રસ્તા થઈ રામોસણા જકાત નાકા થઈને જશે.

રામોસણા જકાત નાકા થઈ માનવ આશ્રમ ચાર રસ્તા, લાખવડ રામપુર ચોકડી, શોભાસણ ફાટક થઈ પાલાવાસણા ચાર રસ્તા થઈને જશે. આ જાહેરનામું આ દિવસે આ સમય દરમિયાન લાગું પડશે. હુકમના ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગાળો બોલી માર મારવાના કેસમાં આરોપી નિર્દોષ સાબિત થતા છુટકારો

ખેડબ્રહ્મા, તા. ૫

મટોડા ગામની સીમમાં ૨૦૦૯ની સાલમા નાનજીભાઈ ધુળાભાઈ પટેલને જમીનમાં વાવેતર કરતી વખતે આરોપી ચંદુભાઈ ધુળાભાઈ બુબડીયા, અજીતકુમાર રાવજીભાઈ બુબડીયા તથા મનીષભાઈ રાવજીભાઈ બુબડીયા (તમામ રહે. ડોડીવાડા, તા. ખેડબ્રહ્મા)એ ગાળો બોલી ગદડાપાટુનો માર માર્યાની ફરિયાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ઈ.પી.કો. ની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, બીપીએક્ટની કલમ ૧૩૫ મુજબ નોંધાયેલા આ ગુનાનો કેસ ખેડબ્રહ્મા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલતા ફરિયાદી પક્ષ ગુનો સાબિત કરાવવામાં નિષ્ફળ નીવડેલ જેથી નામદાર કોર્ટે આરોપીઓને ક્રિ.પો. કો.ની કલમ ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત ત્રણ આરોપીમાંથી ચંદુભાઈ ધુળાભાઈ ચુકાદો આવે તે પહેલા મરણ પામેલ હતા. આથી બાકીના બે આરોપીઓને છોડી મુકવાનો આદેશ કર્યો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્સ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧